# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ભાદરવો

પુસ્તક ૭૨ મું
અંક ૧૧ મો
૧૦ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬

जो सहस्सं सहस्साणं,
संगामे दुज्जए जिणे ।
एगं जिणिज्ज अप्पाणं,
एस से परमो जओ ॥३४॥

મુશ્કેલીથી જીતી શકાય તેવા સંગ્રામને વિષે દશ લાખ સુભટોને જીતી લેવા તે સુકર છે પરન્તુ આત્માને જીતવો તે ઉત્કૃષ્ટ જય છે એટલે કે કદાચ એકલે હાથે દશ લાખ સુભટોને જીતી શકાય, પરંતુ એમ આપણા આત્માને જીતવો તે દુર્જય છે.

अप्पाणमेव जुज्झाहि,
किं ते जुज्झेण बज्झओ ।
अप्पाणमेव अप्पाणं,
जइत्ता सुहमेहए ॥ ३५ ॥

બીજાં બાહ્ય શત્રુઓ સાથે યુદ્ધ કરવાથી તને શું ફળ પ્રાપ્ત થવાનું છે? તું તારા પોતાના આત્મા સાથે જ યુદ્ધ કર. આત્માવડે આત્માને જીતીને જ સાધુપુરુષ મુક્તિસુખમાં મહાલી શકે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૯, શ્લોક ૩૪-૩૫

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | ભાવનગરમંડન શ્રી ઋષભદેવ જિન સ્તવન .... | (સં. મોહનલાલ ગિરધર) | ૧૪૫ |
| ૨ | ઉષા .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૪૬ |
| ૩ | धरा का भार न बनो .... .... | (શ્રી રાજમલ ભંડારી) | ૧૪૭ |
| ૪ | સમુદ્ર-વહાણ સંવાદ : ૭ .... | (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) | ૧૪૮ |
| ૫ | સતત કલહ .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૫૦ |
| ૬ | મદમાતો આત્મા યાને સનત્કુમાર .... | (શ્રી ચંદ્રકાન્ત પ્રાગજીભાઈ) | ૧૫૨ |
| ૭ | છ બોલની વિહરમાણ-જિન-વીસીનું વિહંગાવલોકન | (હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૧૫૪ |
| ૮ | મોહના નશામાં .... .... | (શ્રી દુર્લભદાસ ત્રિભુવનદાસ) | ૧૫૬ |
| ૯ | કામવાસનાનો કરુણ અંજામ | (મુનિરાજશ્રી મહાપ્રભાવિજયજી મહારાજ) | ૧૫૭ |
| ૧૦ | જિનદર્શનની તૃષા .... | (ડો. ભગવાનદાસ મન સુખભાઈ મહેતા M. B. B. S.) | ૧૬૦ |



## પ્રભાવિક પુરુષો :: ભાગ ત્રીજો — લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત ચોકસીની સર્વને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણ સો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ.

### ઘણા જ સમયથી જે ગ્રંથ અલભ્ય હતો
તે તાજેતરમાં જ બહાર પડ્યો છે

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (વિભાગ પહેલો)
(અધ્યયન ૧૫)

[મૂળ, સંસ્કૃત છાયાનુવાદ, ગુર્જર ભાષાનુવાદ અને કથા સહિત]

ભગવંત મહાવીરની અંતિમ દેશનાના ફળસ્વરૂપ આ ગ્રંથની ઉપયોગિતા માટે કહેવાનું જ શું હોય? વૈરાગ્ય તેમજ વિજ્ઞાનથી ભરપૂર આ ગ્રંથ અવશ્ય વાંચવા યોગ્ય છે. કેટલાય સમયથી આ ગ્રંથની નકલ મળતી નહોતી. હાલમાં જ પ્રતાકારે ઊંચા લેઝર પેપર ઉપર છપાવવામાં આવેલ છે. પૂ. સાધુ-સાધ્વીજીએ નકલો ઓછી હોવાથી તરતજ મંગાવી લેવા કૃપા કરવી. પ્રતાકારે પૃષ્ઠ ૬૦૦ મૂલ્ય રૂપિયા દસ લખોઃ-શ્રી જૈ. ધ. પ્ર. સ. ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





| પુસ્તક ૭૨ મું<br>અંક ૧૧ | ભાદ્રપદ | વીર સં. ૨૪૮૨<br>વિ. સં. ૨૦૧૨ |
|---|---|---|


ભાવનગરમંડન

## શ્રી ઋષભદેવ જિન સ્તવન

(રાગ બંગાળ, રાજા નહીં મિલે–એ દેશી)

નાભિ નરેસર જગ આધાર, મારુદેવાનંદન તું સુખકાર, સાહિબ સાંભલો.
દેવાધિદેવ તું દીનદયાલ, ત્રિભુવન નાયક તુંરે ત્રિકાલ ॥ સા૦ ॥ ૧
માહરે તો તું સાહેબ એક, તાહરે મુજ સરીખા સેવક અનેક ॥ સા૦ ॥
આવી મલ્યાનું રાખો રે માન, નિત્ય સમરું તાહરું ધ્યાન ॥ સા૦ ॥ ૨
ધ્યાન ધારીએ ધરીને ધ્યાન, તુમ પસાયે નવ નિધિ થાય ॥ સા૦ ॥
તન મન ચિત્ત એકાકાર હોય, વિદ્યાધર સુર સાનિધ્ય હોય ॥ સા૦ ॥ ૩
તાહરી સેવાએ શિવગતિ થાય, તો તુજ જસ જગમાં નવિ માય ॥ સા૦ ॥
સેવક જો તુમ સરિખો થાય, તો જગ તાહરી કીરતિ સહુ ગાય ॥ સા૦ ॥ ૪
સિદ્ધાચલ સમ તીરથ એહ, ભાવનગરમાં વાંદ્યું તેહ ॥ સા૦ ॥
આદીશ્વર પ્રભુ નિરખ્યા રે આપ, તાહરે થઇ સમકિતની છાપ ॥ સા૦ ॥ ૫
ત્રિજગ નાવે રે જોતાં રે જોડ, પ્રભુને પ્રણમી મોહની તોડ ॥ સા૦ ॥
અદ્‌ભુત દહેરું દીઠું આજ, હવે સરશે સહી મારાં કાજ ॥ સા૦ ॥ ૬
અઢારસે છ ને આસો રે માસ, શુકલ સાતમ પુગી રે આસ ॥ સા૦ ॥
સૌભાગ્યચંદના રૂપના દેવ, ભવ ભવ દેજો તુમ પયસેવ* ॥ સા૦ ॥ ૭

—સંપા૦ મોહનલાલ ગિરધર-પાટણ

*વિ. સં. ૧૮૦૬ના ચાતુર્માસમાં અચલગચ્છીય શ્રી ભક્તિસાગરજીના શિષ્ય રૂપસાગરજીએ આ સ્તવનની રચના કરી હતી. આ સ્તવન ભાવનગરના શ્રી ગોડીપાર્શ્વનાથજી મંના જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત થયેલ છે.

For Private And Personal Use Only

# ઉષા[1]

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

(અનાદિ કાળની મોહરૂપી રાત્રિ ગઈ અને સત્ય-સ્વરૂપ બતાવનારું પ્રભાત આવ્યું છે, એ ઓળખવા માટે ઉપદેશ છે.)

(ઉપજાતિ)

ઉષા રવિની સમણી શુભાંગી, પ્રાચી[2] દિશામાં રમણીય લાગી;
દૂરે કરે છે સહુ અંધકાર, [3]નિશાતણો કજ્જલ રૂપ સાર. ૧

નિસ્તેજ તારા-કુવિચાર થાય, સંપૂર્ણ તેનો ચળકાટ જાય;
ધૂકોતણી[4] દૃષ્ટિ સમૂળ જાય, નિશાચરોનું મુખ શ્યામ થાય. ૨

ચોરો કુકૃત્યો તજી ઘેર જાય, જારો[5] ઘણા લજ્જિત સર્વ થાય;
અકાર્ય કર્તા શરમાય ચિત્તે, ઉષાતણા એહ પ્રભાવથી છે. ૩

થઈ દિસે છે રજની[6] સમાપ્ત, રવિતણી મંગલ જેહ આપ્ત;
આવે રવિની થઈ પ્રાતિહારી[7], પ્રકાશને પાથરતી અનેરી. ૪

સર્વાંધકારી રજની ગઈ છે, પ્રકાશની એ સુષમા[8] થઈ છે;
દેખાય છે સર્વ યથાર્થ રૂપ, ચલાત્મવાહી[9] જગનું સ્વરૂપ. ૫

જે ભાસતું મંગલ ને સુરંગી, હવે દિસે ભૂત અમંગલાંગી;
જે ભાસતું કર્કશ ને કઠોર, સાક્ષાત્ દિસે છે જગમાંહી સાર. ૬

ગમ્યો નિશામાં સુખકાર કામ[10], ઉષા બતાવે પરિણામ વામ[11];
અજ્ઞાનરૂપી ઘન અંધકાર, બતાવતો નિત્ય વિરુદ્ધ ભાર. ૭

સન્મિત્ર ભાસે નિજ શત્રુ વેરી, વેરી ગમે છે નિજ મિત્ર ભારી;
ક્રોધાદિ વેરીજ ડુબાવનારા, એ મિત્ર ભાસે સુખ આપનારા. ૮

ઉષા કરાવે સકલાર્થ બોધ, બતાવતી સર્વ અપૂર્વ શોધ;
ઉષા વિના નેત્ર નિરુપયોગી, જાગે નિશામાં શુભ ધ્યાન યોગી. ૯

નિશા દિસે ઉન્નતિ રોકનારી, અનાદિની મોહ વધારનારી;
એ મોહની રાત્ર હવે ગઈ છે, ઉષા હવે ખાસ છતી થઈ છે. ૧૦

આત્મા અને પુદ્ગલ રૂપ ભિન્ન, ઉષા બતાવે ગુણ રૂપ ધન્ય;
નિશા બનાવે સહુને જ મુગ્ધ, અજ્ઞાનથી થાય સમગ્ર મગ્ન. ૧૧

હવે ઉષા અંતરમાં પ્રકાશી, સ્વરૂપ દીસે સહુ ભિન્ન રાશી;
જડ સ્વરૂપે જડને બતાવે, આત્મસ્વરૂપે નિજને બતાવે. ૧૨

---

૧ પ્રભાત કાળ. ૨ પૂર્વ. ૩ રાત્રિ. ૪ ઘુવડની. ૫ અનીતિમાન. ૬ રાત્રિ ૭ અગ્રદૂતિકા. ૮ શોભા. ૯ ઘડી ઘડી બદલાતું. ૧૦ ભોગની ઇચ્છા. ૧૧ ઉલટા.

મોહાંધતા સર્વ ગઈ હવેથી, નિશા ગઈ ઉજ્જવલતા થવાથી;
મેં ઓળખ્યું આત્મસ્વરૂપ સત્ય, વિરુદ્ધ તે પુદ્ગલ જાડ્ય-યુક્ત. ૧૩
જાગ્યો નિજાત્મા તજી મોહનિદ્રા, અનાદિની જેહ વિશેષ મુદ્રા;
માતા ઉષાએ મુજ માર્ગ દાખ્યો, સમ્યક્ત્વ[12] રૂપે થઈ રંગ રાખ્યો. ૧૪
કદી ન ભૂલીશ વિવેક સત્ય, થાઓ ન કોઈ મુજથી અકૃત્ય;
અજ્ઞાનની ઘોર નિશા ગઈ છે, ઝાંખી ખરી આત્મગુણી થઈ છે ૧૫
ઊગો હવે એ સમકિત સૂર્ય, આનંદનો સ્વાદ થશે અપૂર્વ;
જરા[13] અને જન્મ સદૈવ મૃત્યુ, ટાળો સદાનો ભવરોગ હેતુ. ૧૬
બાલેન્દુ ચિત્તે સુખમાં[14] ઉષાની, સુણી પ્રકાશી સમકિત વાણી;
અખંડ એ હો સુખદા સદાની, જિનેંદ્ર પાસે વિનતી જ એની. ૧૭

## धरा का भार न बनो॥

रचयिताः-राजमल भण्डारी-आगर (मालवा)

धराका भार बनकर के नहीं, जीवन बीताना है।
धरम को धारकर दिलमें, सफल जीवन बनाना है ॥ १ ॥
उमंगे उठ रहीं मनमें, सफल कैसे बने जगमें।
मनन दिन-रात इस पर कर, समस्या हल कराना है ॥ २ ॥
अधर्म, अनीति, अनाचरण ही, धराका भार कहलाते।
सद्धर्म, सदाचार, सुनीति की, सोरभ महकाना है ॥ ३ ॥
मिटाके मिथ्यात्व हीं सारे, बहावे प्रेम की सरिता।
फिर विश्वमें सत्य तत्त्वों की, लहरें लहराना है ॥ ४ ॥
अनादिकालसे आतम, भटकता भवरूप सिन्धूमें।
इसी भवरूप सिन्धूकों, सुधासिंधू बनाना है ॥ ५ ॥
भले आये चाहे विपदा, व टुटे पहाड़ संकटके।
तनिक विचलित नहीं होकर, नहीं धीरज गुमाना है ॥ ६ ॥
गरजते हो घने बादल, कड़कती हो चाहे बिजली।
हो मुसलधार वर्षा की, कदम आगे बढाना है ॥ ७ ॥
हमारा ध्येय है धर्म, हमारा लक्ष्य है कर्म।
धराका भार अधर्म, इसे जडसे मिटाना है ॥ ८ ॥
तभी जीवन सफल होगा, धराका भार कम होगा।
राज सद्धर्म का होगा, इसीमें निजको रमाना है ॥ ९ ॥

૧૨ વસ્તુનું સત્ય સ્વરૂપ ૧૩ ઘડપણ. ૧૪ શોભા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમુદ્ર-વહાણ સંવાદ

લેખાંક : ૭
લેખક:-પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

ઓગણીશ ગાથાની સત્તરમી છેલ્લી ઢાળમાં વહાણો અને વેપારીઓ સ્વનગરે પહોંચ્યા તે તથા ઉપસંહાર કરતું વર્ણન છે.

કરીઆણાં, હીર-ચીર-પટકૂળ આદિથી ભરેલા વહાણો અનુકૂળ પવન પારખીને વેપારીઓએ પોતાના બંદર તરફ હંકારી મૂક્યા. જેમ જેમ પોતાનું બંદર નજીક આવતું જતું હતું તેમ તેમ જયશ્રી અને સુખલીલા મળે ને આનંદ થાય તેમ લોકો હર્ષથી હરખાતા હતા. બે પાંખાળા પંખીઓ તથા બે અશ્વે જોડેલો રથ જેમ સુન્દર રીતે વેગપૂર્વક ગતિ કરતો આગળ વધે તેમ સુદૃઢ સઢને બળે વહાણો આગળ ધપતા હતા.

ધ્વજમણિની ઘૂઘરીઓ રણકતી હતી અને કનકપત્રોનો ઝંકાર થતો હતો તે જોઇને એમ જણાતું હતું કે વહાણને મિષે-બહાનાથી ગરુડ પર સવારી કરીને સાક્ષાત્ લક્ષ્મીદેવી પધારે છે. તરાપાથી પાણી ઉલેચાતા હતા એ એવું ભાન કરાવતા હતા કે આ વહાણરૂપી મદ ઝરતા હાથીનો મદ ઝરે છે ને તેને માથે કેસર વચ્ચે સિન્દૂર પૂર્યું છે.

કમર કસીને ખેંચીને ફેંકેલું શર જેમ સીધેસીધું જાય પણ બહાર નીકળી જતું નથી તેમ એવા વેગપૂર્વક વહાણો સીધા ચાલતા હતા-જાણે વહાણના મનમાં હર્ષ ન માતો હોય ! થાંભલાના ઊંચા દંડને જોઇને એમ લાગતું હતું કે આ ત્રાજવાનો દાંડો છે ને તેના એક પલ્લામાં વહાણ છે અને બીજા પલ્લામાં સૂર્ય છે. એ બન્ને તોળાઇને એવું સમજાવે કે-પૃથ્વી વધે કે સ્વર્ગ ? ધરામાં સાર અધિક છે કે સ્વર્ગમાં ? કામી પુરુષના કરે ચડેલી કામિની હૃદયસ્થળનો પરિગ્રહ કરે તેમ સાગરમાં અવગાહ કરતાં વહાણો ઉત્સાહથી ચાલ્યા જતા હતા. ગુણથી જીતાઇ ગયેલો સાગર હવે તો સ્વભાવે જ સાન્નિધ્ય કરતો હતો. એ પ્રમાણે આગળ વધતાં વધતાં પોતાના બંદર નજરે ચઢ્યા ને લોકો જય જયકાર એવા અવાજો કરવા લાગ્યા.

બંદર દેખીને ધ્વજોના આગળના ભાગને લોકોએ લાલ કર્યા તે જોઇને એમ લાગતું હતું કે ઘણા દિવસનો એકઠો કરેલો ચિત્તનો રાગ લોકોએ પ્રગટ કર્યો. બંદર દેખીને હર્ષે ભરાયેલા લોકોએ બંદૂક અને તોપોના અવાજ કર્યા તે એવા હતા કે તેની પાસે ઐરાવણનો કે મેઘનો અવાજ કોઇ વીસાતમાં નહોતો. હર્ષના વાજાં વાગ્યા. લોકો ગીતગાન કરવા લાગ્યા. જેના પડછંદાથી ગુફાઓ પણ ગાજી ઊઠતી હતી-જાણે સાગર તાન ન કરતો હોય તેમ સ્વજનો નાવડીઓ લઇને સામે મળવા આવ્યા, અંગોઅંગના મેળાવડાથી વિરહના દુઃખો ટળ્યાં. સોહામણાં વહાણો ઘોઘા બંદરે આવ્યા, ઘર ઘર વધામણાં થયાં. શ્રી સંઘને સદા અનુકૂળ એવા **નવખંડા પાર્શ્વપ્રભુને** સર્વપ્રથમ વેપારીઓએ વાંદ્યા ને ભેટણાં ધર્યાં. કેસર ને ચંદનમિશ્રિત સુગંધી દ્રવ્યોથી પ્રભુની પૂજા કરી. મોતીના સાથિયા પ્રભુ સમીપ પૂર્યા. રત્નોની આંગી રચાવી. ધ્વજ ચડાવ્યો. નવીન શિખર ઉપર અને શુચિ-પવિત્ર ભાવે સુવર્ણ કળશ આરોપણ કર્યો એ રીતે જેના દ્રવ્યનો પ્રભુને ભોગ આપ્યો તે કારણે સર્વ લોકોએ મળીને સાગર કરતાં પણ વહાણને મોટું કર્યું.

ગર્વ એ દુઃખદાયી અને દુષ્ટ છે માટે તે કરવો નહિં-એ ગર્વત્યાગરૂપ હિત સમજાવવા માટે આ ભલો-સુંદર ઉપદેશ રચ્યો છે.

તપાગચ્છવિભૂષણ શ્રી વિજયપ્રભસૂરીશ્વરજી મહારાજ શોભી રહ્યા છે. શ્રી નયનવિજય વિબુધના શિષ્ય એ પ્રમાણે ઉલ્લાસથી વદે છે કે-આ ઉપદેશ પ્રમાણે જેઓ ચાલશે-વર્તન કરશે તેઓ સુયશ-વિલાસને વરશે-પામશે સંવત્ ૧૭૧૭માં ઘોઘા બંદરે આ સંવાદ રચ્યો છે-તે લાગે તો પરિશ્રમ સુપ્રમાણ છે.

આ પ્રમાણે સમુદ્ર-વહાણ સંવાદ પૂર્ણ થાય છે. ૧૭ ઢાળ અને ૧૭૧૭ સંવત એ પણ આ કૃતિમાં કોઇ યોગાનુયોગે ગોઠવાઇ ગયું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સમુદ્ર વહાણ સંવાદની સર્વ મળીને ૨૮૬ કડીઓ છે. તેમાં ગૂંથાયેલા ભાવોની ટૂંક યાદી નીચે પ્રમાણે છે.

દુહા ૪— મંગળ, અભિધેય, ઉપક્રમ

૧ ઢાળ ૧૦— પાંચ કડી સુધી વેપારીઓનું પ્રયાણ અને વહાણો વિષે વિવિધ કલ્પના. પછી ત્રણ કડીમાં સાગર પ્રત્યે વહાણનું કથન

દુહા. ૪. સાગરનું કથન દુહા ૨ ને વહાણનું કથન દુહા ૨

૨ ઢાળ ૧૦ સાગરનું સ્વસમૃદ્ધિવર્ણન

દુહા ૬ / ૩ ઢાળ ૧૦ } વહાણનું કથન

દુહા ૬ / ૪ ઢાળ ૮ } સાગરનું કથન દુહા-૩. પછી ત્રણ દુહા ને ઢાલમાં વહાણનું કથન.

દુહા ૨ સાગરનું કથન.

૫ ઢાળ ૧૦ વહાણનું કથન. ગાથા ૩. સાગરનું કથન. ગાથા ૦ાા વહાણનું કથન. ગાથા ૬ાા.

દુહા ૨ સાગરનું કથન.

૬ ઢાળ ૯ વહાણનું કથન.

દુહા ૮ સાગરનું કથન. દુહા ૨. વહાણનું કથન. દુહા ૬.

૭ ઢાળ ૯ સાગરનું કથન. કડી ૨. વહાણનું કથન. કડી ૭.

દુહા ૭ સાગરનું કથન.

૮ ઢાળ ૧૩ / દુહા ૬ } વહાણનું કથન.

૯ ઢાળ ૧૫ સાગરનું કથન. કડી ૫. વહાણનું કથન. કડી ૧૦.

દુહા ૪ સાગરનું કથન.

૧૦ ઢાળ ૧૪ વહાણનું કથન.

દુહા ૭ સાગરનું કથન. દુહા ૩. વહાણનું કથન. દુહા ૪.

૧૧ ઢાળ ૯ સાગરનું કથન.

દુહા ૨ / ૧૨ ઢાળ ૧૪ / દુહા ૧૦ } વહાણનું કથન. દુહા ૨. ઢાળ અને ૬ દુહા સુધી સાગરનું કથન. દુહા ૨. વહાણનું કથન. દુહા ૨.

૧૩ ઢાળ ૧૦ સાગરનું ક્રોધથી ખળભળવું અને વહાણનું વેરવિખેર થવું

દુહા ૩ / ૧૪ ઢાળ ૯ } ઉદધિકુમાર દેવનું આગમન, વચમાં પડીને વહાણને સમજાવવું.

દુહા ૩ / ૧૫ ઢાળ ૧૧ } વહાણનું ઉદધિકુમારને કથન.

દુહા ૫ ધર્મપ્રભાવે દેવોની સહાય.

૧૬ ઢાળ ૧૩ / ચોપાઈ ૧૪ } વેપારીઓનો હર્ષ, ઇચ્છિત બંદરે જવું. ત્યાં વેપાર કરીને ખૂબખૂબ ધનઉપાર્જન કરવું.

૧૭ ઢાળ ૧૪ નિજબંદરે પાછા ફરવું. ધર્મમાં શ્રદ્ધાપૂર્વક ધનવ્યય કરી પુણ્ય ઉપાર્જન કરવું. ઉપસંહાર.

એક સમય ઘોઘાબંદરની સમૃદ્ધિ અને જાહોજલાલી કેવી હશે? તેનું આ સંવાદ સચોટ ભાન કરાવે છે. આજ એ બંદર જોતાં પણ એમ લાગે કે જર્જરિત કાયાવાળો કોઈ સમર્થ શૂરવીર ને સમૃદ્ધ આત્મા અહિં વિશ્રામ લઈ રહ્યો છે. શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય જિનાલય, તેનો ચોક, બાજુમાં આવેલી છત્રી એ સર્વ દર્શનીય છે. છત્રીમાંથી નજર નાંખીએ તો સામે જ વિશાળકાય સાગરના દર્શન થાય છે. જ્યારે વહાણોની અવરજવર ખૂબ પ્રમાણમાં થતી હશે ત્યારે એ દૃશ્યની ભવ્યતા કેટલી હશે તે તો કલ્પના જ કરવી રહી.

કવિહૃદયને અદૃશ્ય અવલોકતાં ઉપર પ્રમાણે ઊર્મિઓ ઊછળે એ સ્વાભાવિક છે. અહિં—સમુદ્ર-વહાણ સંવાદમાં એ ઊર્મિઓએ સુન્દર દેહ ધારણ કર્યો છે. પૂજ્ય યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજની પ્રતિભા સાથે સરસ કાવ્યકળાનું અહિં દર્શન સ્પષ્ટ થાય છે. એમની અનેક કૃતિઓના અનુસંધાનમાં પરંપરાગત સાંભળવામાં આવેલ-આ સંવાદ અંગેની હકીકત-કે તેઓશ્રીએ આ સંવાદ એક જ દિવસમાં રચ્યો છે-એ અત્યુક્તિ જરા પણ લાગતી નથી. એમના ગ્રન્થોથી પરિચિત સર્વ કોઇને એ પ્રમાણે જ લાગે કે આ વાત સાવ સાચી છે. વિદ્વાનો અને અન્યો આ સંવાદને વાંચી-વિચારીને વર્તનમાં મૂકે-એ ઇચ્છનીય છે એટલું નહિં પણ એવી સભાઓમાં આનું રહસ્ય-ઉદ્દ્ઘાટનપૂર્વક વાચન કરાય તો જ્ઞાન સાથે સાહિત્યવિનોદનું એક સુન્દર સાધન ફળવંત થયું લાગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતત કલહ!

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

ઘરમાં આપસમાં સતત કલહ અને લડાઇ ચાલતી હોય તો તે માણસને વિશ્રાંતિ શી રીતે મળે? અને ઉપયોગી કાર્ય કરવાનું શી રીતે સૂઝે? અને તેનું મન શાંત શી રીતે રહે? ઘરનાં કંકાસથી કંટાળી ઘણા લોકો ઘરબાર છોડી ચાલી નીકળેલા છે સંસાર બગડી ગએલો છે અને ઘરની શીકલો પણ બદલાઇ ગઇ છે.

આ તો થયું એકથી વધુ માણસો હોય તેવા કુટુંબને માટે. કહેવત પણ છે કે, બે વાસણો હોય તે એકેક સાથે અથડાતા અવાજ તો થાય જ, પણ દરેક વ્યક્તિના અંતરંગમાં જે કલહ કે અથડામણ ચાલે છે તે માટે કોઇ વિચાર સરખો પણ કરતું નથી. શાંત ચિત્તે વિચાર કરવા બેસીએ ત્યારે સહેજે પ્રતીતિ થાય છે કે, બહારની અર્થાત્ અન્ય વ્યક્તિની સાથે થયેલ અથડામણ આપણે ટાળી શકીએ અગર પ્રયત્નવડે રોકી પણ શકીએ. પણ આપણા જ શરીર સાથે જોડાએલું જે મન તેમાં જ જો કલહ ચાલતો હોય ત્યારે આપણે તે શી રીતે ટાળી શકવાના હતા? મન તો આપણા આત્માની સાથે પાકું જોડાએલું છે. જાણે એ આપણો અવયવ થઇ ગએલ છે. આપણે એને જુદું કલ્પી પણ શકતા નથી. એ એટલું બધું આપણી સાથે નિગડિત થઇ ગએલું છે કે, એ આપણો અવિભાજ્ય ભાગ થઇ ગયો હોય એમ આપણને લાગે છે. એવા આત્મરૂપ થઇ ગએલા મનમાં જ જ્યારે અસંતોષ, કલહ અને કંકાસ ચાલતો હોય, અને તે પણ અવિરત રીતે, રાત દિવસ, ચાલતો હોય ત્યારે આપણને શાંતિ શી રીતે મળે!

એ કલહ કે દ્વંદ્વ-યુદ્ધ કેવું ચાલે છે એનો આપણે વિચાર સરખો પણ કરતા નથી. એ સતત આંદોલન આપણા વિચારોને કેવું રંગ અને રૂપ આપે છે એનો જ્યારે આપણે વિચાર કરતા થઇશું ત્યારે જ આપણને તેનો સાક્ષાત્કાર થશે અને તેની ભયંકરતા પ્રતીત થશે. અને એમ થતાં એ મહાન્ કલહથી છૂટા થવાનો વિચાર આપણે કરી શકશું. જેમ ઘણા કાળ સુધી કારાવાસ ભોગવનારને તે પરિસ્થિતિમાં રહેવાની ટેવ પડી જાય છે ત્યારે કારાવાસનું દુઃખ પ્રતીત પણ થતું નથી. અને તેથી છૂટકારો મેળવવાનું આપણા મનમાં પણ આવતું નથી. ઊલટું એવો અનુભવ થાય છે કે, ગુલામને તેની ગુલામગિરીમાંથી કોઇ મુક્ત કરે તો તેને આગળ આપણે ક્યાં જઇશું અને શું કરીશું? તેની પણ સૂઝ પડતી નથી.

આપણે એ ધ્યાનમાં રાખવાનું છે કે આપણા મનના બે ભાગલાઓ હોય છે. એક સન્મન અને બીજું અસન્મન. અથવા એક દ્રવ્ય મન અને બીજું ભાવ મન. દ્રવ્ય મન બાહ્ય વસ્તુનો જ વિચાર કરે છે અને લાલચ અને મોહમાં સપડાઇ પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. તાત્કાલિક આકર્ષણ અને લાભનો જ એને વિચાર હોય છે. અર્થાત્ માનવને એ મોહમાં ગોંધી રાખે છે અને નહી કરવા લાયક કાર્યો એ કરાવે છે. બીજું જે ભાવ મન તે કાંઇક વિચારશીલ હોય છે. આગળના પરિણામોનો એને ખ્યાલ હોય છે અને તેથી જ તે જરા થોભી જવા સૂચવે છે અને નુકસાનનો વિચાર કરવા પ્રેરે છે. એવા પ્રસંગે બન્ને મનોનો આપસમાં ઝગડો ચાલે છે. એક મન કહે છે: જે થવાનું હશે તે ભલે થાય, તાત્કાલિક દેખીતો લાભ ગુમાવવો એ ભૂલ છે, મૂર્ખાઇ છે. ત્યારે બીજું મન કહે છે કે, ભાઇ લાભ જો સાચો જ હોય તો તે સ્થિર હોવો જોઇએ. અખંડ હોવો જોઇએ. જ્યારે દેખીતી રીતે એ લાભ ક્ષણજીવી હોય અને નુકસાન નોતરનારો હોય ત્યારે તેવો લાભ શા કામનો? તેટલા માટે તેવો ખોટો લાભ જતો કરવો એમાં જ સાચો લાભ છે. પાછું પેલું દ્રવ્ય મન પ્રેરે છે કે, આટલો લાંબો અને ઊંડો વિચાર કરવાની શી જરૂર છે? આમ દરેક વાતમાં વારેઘડી વિચાર કરતા રહીએ તો આપણા હાથે કાંઇ જ ન થાય. પરિણામ જ્યારે આવશે ત્યારે પછી જોઇ લેવાશે. અત્યારે વગર ફોગટનો લાંબો વિચાર કરવાની કાંઇ જરૂર નથી. એવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે ઝોલાપોડ ચાલતા ઘણે ભાગે દ્રવ્ય મનનો જ જય થાય છે અને પેલું ભાવ મન ચૂપ થઈ જાય છે. એવો સતત કલહ પૂરી રીતે સમજાય તે માટે આપણે દાખલા લઈ એ સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણી સામે મઘમઘતી મિઠાઈ ભરેલો થાળ આવી કોઈ મૂકી જાય, ત્યારે આપણા મ્હોંમાં પાણી છૂટે છે. જીભ એ પકવાન આરોગવા આતુર બને છે. સુગંધથી નાક સુખદ અનુભવ કરે છે. મન આજ્ઞા કરે છે કે, હવે કોની રાહ જોઈ રહ્યા છો? તરત ઉપાડો ને? બીજું ભાવ મન જાગૃત થાય છે અને સૂચન કરે છે કે, એ બધી મિઠાઈ ખાતાં મીઠી લાગશે પણ તમારી હોજરીમાં પાચન કરવાની તાકાત ક્યાં છે? અપચો થવા સંભવ છે. પેટમાં દુખાવો થવા સંભવ છે. માથું દુખવા આવશે. અસ્વસ્થતા થશે. કોઈ કામ કરવું નહીં ગમે. છેવટ ડોકટર બોલાવવાનો પણ વખત આવે, માટે જરા થોભી જાઓ. છેવટે એ મિઠાઈ મોંઘી પડી જશે. એ ભાવ મનનો સાચો ઉપદેશ દ્રવ્ય મનને શી રીતે ગમે? એ તો તરત જ સંભળાવી દે છે કે, આમ વ્હેમીલો સ્વભાવ રાખવો સારો નહીં. દરેક વખતે અપચો થાય એવો કાંઈ નિયમ નથી. સામે ચાલીને આવું મિષ્ટાન્ન ભાણામાં આવે ને આમ વિચાર કરતા બેસીએ એ મૂર્ખાઈ જ ને! અપચો થશે ત્યારે જોઈ લેવાશે. હમણાં તો જમી જ લેવું જોઈએ. આવો એ કલહ આપણે હંમેશ અનુભવીએ છીએ. એ કલહમાં આખરે જય તો દ્રવ્ય મનનો જ થવાનો!

સોનું–ચાંદીના ઘરેણા વેચવાની દુકાન હોય. ધમધોકાર વેપાર ચાલતો હોય. એકાદ સરળ મનવાળો ગ્રાહક આવી ચઢે. ભેળસેળવાળું હલકા ભાવનું ઘરેણું એ પસંદ કરે ત્યારે તેને આપણે અસલ માલની કીંમત કહી દઈએ તે ગ્રાહક તે ચૂકવી આપે, ત્યારે દ્રવ્ય મન આપણને આશ્વાસન અને આનંદ આપી કહે કે–ચાલો આપણે કમાયા. ત્યારે પેલું ભાવમન અંદરથી જાગૃતિ આપતું કહેવા માંડે છે કે, ભાઈ તમે કમાયા કે ખોટ ખાધી? આજે તો તમે એ કામને કમાયાનું નામ આપો છો, પણ એ તો કેવળ છેતરપીંડી છે. સરળ ગ્રાહકના ભોળપણ કે સરળતાનો લાભ ઉઠાવી કમાયા છો પણ એ વસ્તુ કર્મ રાજાની નજરમાંથી છૂટેલી નથી. તમારા ખાતામાં ક્યારની એની નોંધ થઈ ચુકેલી છે! એ ભૂલશો નહીં. તમે તેમાંથી શી રીતે છૂટી શકવાના હતા? કલહ એ રીતે શરૂ થાય છે. મનમાં વિચાર જાગે છે કે, ભૂલ થઈ એ વાત તો ખરી, પણ તે હવે શી રીતે સુધરી શકે? કાંઈ દાનપુણ્ય કરીએ તો ચાલશે? કમાયા તો રૂપીઆ પચાસ વધારાના. એમાંથી બે ચાર રૂપીઆનું દાન કરી દઈએ. એટલે પુણ્ય પાપનો સરવાળો બરાબર થઈ જાય ને! પણ એ પણ મહાપાપને જ નોતરું અપાયું ને! આમ વિચારની ગડમથલમાં આપણે પોતાને જ છેતરીએ છીએ એની ચિમકી ભાવ મન આપી જાય છે. આવા કલહનો અંત શી રીતે આવે?

કલબમાં મિત્રમંડળી ભેગી થઈ. ગામગપાટા અને અનધિકાર ચર્ચા ખૂબ ચાલી. ગંજીપા અગર સોગઠાઓ રમાયા. હવે ખાણી–પીણીનો પ્રસંગ ઉપસ્થિત થયો. મન કહે રાતનો વખત છે. આપણે રાતના ખાઈ શી રીતે શકીએ? મન કહે ભાઈ એમ તો શાસ્ત્રમાં ઘણાય નિયમો આપેલા છે. આપણે બધા જ ક્યાં પાળી શકીએ છીએ? ને અહીંઆ કોણ જોવા આવ્યું છે? એ તો બધું ચાલ્યા જ કરે. એમ દરેક વાતે વિચાર કરીએ તો આપણાથી ડગલું પણ ન ભરાય. એ વિચારપરંપરા આપણા દ્રવ્ય મનની હોઈ એ આપણને વધુ અસર કરે છે. એની આગળ પેલું ભાવ મન હારી જ જાય છે. જ્યારે એ જ કલબમાં ખાણીપીણીનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, ત્યારે અભક્ષ્ય અને અપેય પદાર્થો આપણી સામે આવી ઊભા રહે છે. જ્યારે આપણે પૂરી રીતે દ્રવ્ય મનને આધીન થઈ ગએલા હોઈએ ત્યારે ભાવ મન ગમે તેવો ઉપદેશ આપે તે નિરુપયોગી જ થવાનો ને!

દોસ્તો ખાવા–પીવાનો આગ્રહ કરે અને પુણ્ય પાપની વાતો ફક્ત મંદિરમાં જ કરવાની હોય. અહીં આ કલબમાં એનો ઉપયોગ કરવાની શી જરૂર છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુમાની આત્મા અને સનત્કુમાર

લેખક: શ્રી ચંદ્રકાન્ત પ્રાગજીભાઈ શાહ

જ્ઞાની પુરુષોએ અભિમાનના આઠ પ્રકાર બતાવ્યા છે. કુળમદ, જાતિમદ, બળમદ, રૂપમદ, તપમદ, ધનમદ, જ્ઞાનમદ અને લોભમદ. આ આઠે પ્રકારના અભિમાનમાંથી કોઈ પણ પ્રકારનો અહંકાર જીવનવિકાસમાં ખાસ વિઘ્નરૂપ બને છે. આ આઠ પ્રકારના મદ પૈકી રૂપમદ ઉપર સનત્કુમારનું ઉદાહરણ વિચારીએ.

રૂપ એ શ્રાવકના માર્ગાનુસારીપણાના બાત્રીશ ગુણ પૈકી એક ગુણ છે. એ ધર્મારાધના અને ધર્મ પમાડવામાં સહાયભૂત બને છે, પરંતુ જ્યારે તેનું અભિમાન આવે છે ત્યારે એ અમૃતસમ વસ્તુ પણ વિષમય બની જાય છે. રૂપનું અભિમાન કરવું એ વિષ સમાન જ છે. રૂપનો સદુપયોગ કરવો એ અમૃતસમ છે. દા. ત. મહારાજ સાહેબ પાટ ઉપર બેસીને વ્યાખ્યાન આપતા હોય તેની અસર શ્રોતાવર્ગ પર જરૂર પડે છે, પરંતુ સાથોસાથ જો રૂપ હોય તો તેની પ્રતિભાની અને પ્રભાવની અસર બેવડી થાય છે. બહારથી આવતો અજાણ્યો માણસ પણ પ્રથમ ક્ષણે તો તેમનાં મુખારવિંદને જોઈને જ સહર્ષ નમી પડે છે. આમ રૂપ એ ધર્મ પમાડવામાં અને ધર્મારાધનામાં સહાયભૂત નિવડે છે, પરંતુ મળેલી વસ્તુનો જ્યારે હૃદયના કોઈક ખૂણામાં અહંકાર પ્રગટે છે ત્યારે એ વસ્તુ જ દુર્ગતિ પ્રતિ આત્માને ઘસડી જાય છે. અહંકાર એ દુર્ગતિને વણમાગ્યું નોતરું આપે છે.

બાર ચક્રવર્તી પૈકી સનત્કુમાર નામના ચક્રી પંદરમા શ્રી ધર્મનાથ ભગવાનના સમયમાં થઈ ગયા.

હસ્તિનાપુરમાં ચક્રવર્તી સનત્કુમાર રાજ્ય કરતા હતા. ચક્રવર્તી એટલે છ ખંડના અધિપતિ. તેમનું રૂપ દેવોને પણ શરમાવે તેવું હતું. ત્રણ જગતમાં તેમનો જોટો ન હતો. આવા અનુપમ રૂપ–સૌંદર્યની એકદા સૌધર્મેન્દ્ર મહારાજે પોતાની દેવસભામાં મુક્ત

---

એવી દલીલો આગળ ઊભી હોય. આપણે મક્કમ નહીં હોઈએ ત્યારે આપણે જીભની લાલચ શી રીતે દૂર મૂકી શકીએ?

ત્યાર પછી એક મોટી સુરક્ષિત દલીલ આપણી સામે તરી આવે છે અને કહે છે કે, અહીંઆ આપણા બધા જ સરખા મંડળમાં એવો કોણ છે કે, જે આપણી એ પોલ બહાર પાડે? એવી રીતે વિચાર કરી મનને મનાવી લેવાનો પ્રયત્ન કરે છે. ત્યારે ભાવ મન તરત જ આગળ આવી સમજાવે છે કે, કોઈ બીજું જોતું નથી એ વાત આપણે માની લઈએ તો પણ આપણે પોતે તો એ બધું જોઈએ છીએને? પાપ માની લઈએ છીએ અને આપણા આત્માની સાથે એનો સંબંધ જોડાઈ જ જાય છે, એ કેમ ભૂલી શકાય? આપણે આંખ આડા કાન કરી ઊંઘી જવાનો દેખાવ કરી કેવળ આત્મવંચના જ કરીએ છીએ. એ બધું બાજુ ઉપર મૂકીએ છતાં કર્મરાજાના કર્મચારીઓ એ બધું શી રીતે ભૂલી શકશે? આપણા કર્મના ચોપડામાં એ બધું જ લખાઈ જવાનું છે અને એના કડવા પરિણામો ભોગવ્યા વિના ચાલે જ કેમ? આપણા એ દોષોનો ડંખ હંમેશને માટે ખટક્યા કરવાનો છે એ સમજી રાખવું જોઈએ.

એ સતત ચાલતા કલહમાંથી છૂટકારો મેળવવાનો આપણી પાસે કોઈ રસ્તો નથી જ શું? મહાન્ ઉપકારી જ્ઞાતાઓએ આપણા માટે એ બધું જ નોંધી રાખેલું છે, એ ભૂલવું નહીં જોઈએ. દ્રવ્ય મન ગમે તેટલી લાલચ આપે પણ આપણે અડગ રહી ભાવ મનનું કહેવું માનવું જોઈએ. દ્રવ્યમનનો વિજય એ આપણા આત્માનો પરાજય છે એ સતત ધ્યાનમાં રાખવું જોઈએ કારણ ભાવ મન દરેક વસ્તુનો ઊંચી કક્ષા ઉપરથી વિચાર કરનારું સન્મન છે. વાચકોને એવો સારો વિવેક સૂઝે અને એમનામાં ચાલતો સતત કલહ કાંઈક સૌમ્ય સ્વરૂપ ધારણ કરી એમને આત્મિક શાંતિ આપી અનુક્રમે તેમની ઉન્નતિ થાય એ જ અમારી આકાંક્ષા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઠે પ્રશંસા કરી. આ પ્રશંસા સાંભળી કોઇ બે દેવો તેમનું રૂપ જોવાને બ્રાહ્મણનું રૂપ લઇને ચક્રવર્તીના મહેલમાં આવ્યા. આ સમયે સનત્કુમાર વિલેપનાદિ કાર્ય કરી રહ્યા હતા. બ્રાહ્મણરૂપે આવેલા દેવતાઓ તો તેમનું આવું અત્યારનું રૂપ જોઇને પણ દિઙ્મૂઢ બની ગયા. ખરેખર જેવી ઇંદ્ર મહારાજાએ પ્રશંસા કરી હતી તેવું જ અસામાન્ય રૂપ છે. બંને દેવતાઓ આપસઆપસમાં તેમનાં અદ્ભુત રૂપની પ્રશંસા કરે છે. સ્નાનગૃહમાં વિલેપનાદિ કાર્ય કરી રહેલ ચક્રવર્તીનું ધ્યાન આ બે બ્રાહ્મણો ઉપર પડે છે. તેમનો યોગ્ય આદર-સત્કાર કરે છે, અને આગમનનું કારણ પૂછે છે. બ્રાહ્મણો કહે છે કે આપના રૂપની પ્રશંસા સારી યે આલમ કરે છે, તેથી આપનું રૂપ જોવાને અમો આવ્યા છીએ. ત્યારે સનત્કુમાર કહે છે:-

"અબ શું નીરખો લાલ રંગીલે,
ખેળ ભરી મુજ કાયા;
નાઇ ધોઇ જબ છત્ર ધરાવું,
તબ જોજો મોરી કાયા."

અરે બ્રાહ્મણો! અત્યારે તમે રૂપ જોવાને શું આવ્યા? અત્યારે તો હું વિલેપનાદિ કરું છું, એટલે આ રૂપ તો કાંઇ બિસાતમાં નથી. બાકી તો તમારે ખરેખરાં મારાં રૂપના દર્શન કરવા હોય તો, જ્યારે હું સ્નાન કરીને, રાજ્યપોશાકમાં રાજ્ય સિંહાસને માથે મુગટ પહેરીને બેઠો હોઉં, આજુબાજુ ચામર ઢોળાતા હોય ત્યારે તમો ખરેખરું રૂપ જોઇ શકશો. આવા પ્રકારના ગર્વિષ્ઠ વચનનાં ઉદ્દગાર ચક્રી કાઢે છે. પોતાના રૂપના વખાણ સાંભળી અભિમાનના શિખરે ચઢે છે. અભિમાનમાં અંધ બનેલ વ્યક્તિ સારાસારનો વિવેક ભૂલી જાય છે. અમૃત એ ઝેરમાં પરિણમે છે.

નાહીધોઇને સનત્કુમાર સિંહાસન ઉપર બેઠા છે, ચામર-છત્ર ઢોળાય છે. માથે અમૂલ્ય મુગટ શોભી રહ્યો છે. એ સમયે પેલા બે બ્રાહ્મણો રૂપ જોવાને રાજસભામાં પ્રવેશે છે. રૂપ જોતાં જ બ્રાહ્મણો અવાક્ બની જાય છે અને આશ્ચર્ય અનુભવે છે. ચક્રવર્તી કહે છે કે-કેમ હવે ખરેખરાં રૂપનાં દર્શન થાય છે ને? બ્રાહ્મણો કહે છે કે-રાજન્! શું બોલીએ? આપની કાયા પૂર્વે જે સુંદર સ્વરૂપવાળી જોઇ હતી અને અત્યારે જે જોઇએ છીએ તેમાં આભ-જમીનનો તફાવત લાગે છે. અત્યારે આપની કાયા રોગમય-વિષમય બની ગઇ છે. આ વચન સાંભળી ચક્રી મનમાં ખેદ પામ્યા. બ્રાહ્મણોએ કહ્યું કે-અમારું વચન અસત્ય લાગતું હોય તો, તંબોલ થૂંકો, એટલે એમાંથી અનેક પ્રકારની દુર્ગંધ નીકળશે. રાજાએ પરીક્ષા કરી જોઇ. બ્રાહ્મણોનું કથન સત્ય લાગ્યું. ઘડીક પહેલાંની કંચનવરણી કાયા, અલ્પ સમયમાં અભિમાનમાં અંધ બનવાથી કથીરમાં પરિણમી. એકી સાથે સોળ-સોળ રોગ ઉત્પન્ન થયા.

ચક્રવર્તીનું મન ડામાડોળ થઇ રહ્યું છે. રાજસભામાંથી ઊઠીને તે પોતાના ખાસ ભવનમાં તુરત જ આવે છે. ત્યાં પોતે વિચારે છે કે, હું ખરેખર રૂપમાં અન્ધ બન્યો, માનવીના મુખેથી પ્રશંસા સાંભળી મદમાં ગુલતાન બન્યો. જે કાયામાં હું રચ્યો-પચ્યો રહેતો હતો એ જ કાયા રોગનું ઘર છે. રુંવાડે રુંવાડે રોગો ભરેલા છે. મળ-મૂત્ર અને વિષ્ટાથી ભરેલી એવી આ અશુચિમય કાયા છે. તેમાં હું મોહ પામ્યો! મારા જેવો મૂર્ખ બીજો કોણ? નશ્વર અને નાશવંત કાયામાં હું લટ્ટુ બન્યો. કાયા અને માયા બધુંય ક્ષણ-ભંગુર છે. આનું પ્રાયશ્ચિત્ત તો આ સર્વસ્વ છોડીને, ચારિત્ર અંગીકાર કરવું એ જ છે. આમ વિચારી તરત જ રાજપાટ છોડીને દીક્ષા અંગીકાર કરે છે.

માનવીને જ્યારે સત્ય વસ્તુનું સ્પષ્ટ ભાન થાય છે ત્યારે, તેને છોડતાં જરા ય વાર નથી લાગતી. એનો જીવનપંથ જ બદલાય છે.

ચારિત્ર અંગીકાર કરી દુષ્કર તપ તપે છે, ને તેના પ્રભાવથી અનેક પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. એ લબ્ધિવડે પોતે ધારે તો, પોતાના થૂંકથી આખી યે કાયા કંચનવરણી બનાવી શકે પરંતુ હવે તેમને કાયાનો મોહ રહ્યો નથી.

ફરીને એકદા કોઇ બે દેવો પરીક્ષા કરવા માટે વૈદ્યનું રૂપ લઇને આવે છે. વૈદ્ય કહે છે કે, અમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# છ બોલની વિહરમાણ-જિન-વીસીનું વિહંગાવલોકન

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

આજે આપણા દેશમાં-'ભરત'ક્ષેત્રમાં એકે જૈન તીર્થંકર નથી. જૈન માન્યતા પ્રમાણે અન્ય ચાર 'ભરત'ક્ષેત્રમાં અને પાંચે 'ઐરાવત' ક્ષેત્રમાં પણ આ જ સ્થિતિ પ્રવર્તે છે. પરંતુ મહાવિદેહની વાત જુદી છે, કેમકે ત્યાં તો અત્યારે-આ કાળમાં વીસ તીર્થંકરો વિદ્યમાન છે. એઓ વિહરે છે-વિચરે છે. એમને ઉદ્દેશીને કેટલીક કૃતિ રચાઈ છે. એવી એક કૃતિ ગુજરાતીમાં ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજયજી ગણિએ રચી છે. એને "વિહરમાણ-જિન-વીસી" કહે છે. કેટલાક લોકો 'વિહરમાણ'ને બદલે 'વિહરમાન'નો પ્રયોગ કરે છે પરંતુ એ સંસ્કૃત ભાષાની દૃષ્ટિએ તો **સમુચિત** નથી. વળી કેટલાક 'વીસી'ને બદલે 'વીશી' શબ્દ વાપરે છે. **ગૂર્જર સાહિત્ય સંગ્રહ**(ભા. ૧, પૃ. ૫૫-૭૧)માં **યશોવિજય** ગણિની જે પ્રસ્તુત કૃતિ અપાઈ છે તેનું શીર્ષક "વિહરમાન જિન-વીશી" રખાયું છે. આ વીસીમાં વીસ તીર્થંકરોને અંગેના એકેક સ્તવનના સમૂહરૂપ છે. એ વીસ તીર્થંકરોના નામ અનુક્રમે નીચે મુજબ છેઃ—

(૧) **સીમંધર**, (૨) **યુગમંધર**, (૩) **બાહુ**, (૪) **સુબાહુ**. (૫) **સુજાત**, (૬) **સ્વયંપ્રભ**, (૭) **ઋષભાનન**, (૮) **અનંતવીર્ય**, (૯) **સુરપ્રભ**, (૧૦) **વિશાલ**, (૧૧) **વજ્રધર**, (૧૨) **ચંદ્રાનન**, (૧૩) **ચંદ્રબાહુ**, (૧૪) **ભુજંગ**, (૧૫) **ઈશ્વર**, (૧૬) **નેમિ**, (૧૭) **વીરસેન**, (૧૮) **મહાભદ્ર**, (૧૯) **ચન્દ્રયશા** અને (૨૦) **અજિતવીર્ય**.

**પરિમાણ-વિહરમાણ-જિન-વીસીનાં** વીસ સ્તવનોની કડીઓની સંખ્યા નીચે મુજબ છેઃ—

૭, ૬, ૫, ૫, ૬, ૭, ૭, ૬, ૫, ૫, ૬, ૭, ૭, ૬, ૫, ૫, ૬, ૭, ૭ અને ૭.

આમ એકંદર આ વીસીમાં ૧૨૨ કડીઓ છે: મોટા ભાગના સ્તવનની ઓછામાં ઓછી ૭ ૭ કડીઓ છે.

**દેશી-ગૂ. સા. સં.**(ભા. ૧)માં ૧૯મા સ્તવન સિવાયનાં બાકીનાં બધાં સ્તવનો માટે 'દેશી' દર્શાવાઈ છે.

**વિશેષતા**-પ્રત્યેક તીર્થંકરનું ગુણોત્કીર્તન એ આ વીસીનો સામાન્ય વિષય છે. વિશેષમાં વીસે વીસ સ્તવનમાં નિમ્નલિખિત છ છ બોલનો ઉલ્લેખ છેઃ—

(૧) તીર્થંકરનું નામ, (૨) એમની જન્મ-ભૂમિ, (૩-૫) એમનાં માતા, પિતા અને પત્નીનાં નામ અને (૬) તીર્થંકરનું લાંછન.

પ્રથમ સ્તવનમાં મોટા અને નાના વચ્ચે ભેદ-ભાવ ગિરુઆ (મોટાઓ) દાખવતા નથી એમ કહી એ અંગે ચન્દ્ર, વરસાદ, છાયા, સૂર્ય અને ગંગાજળના ઉદાહરણ અપાયાં છે. જેમકે ચન્દ્રના દર્શનથી જેમ સાગર વધે છે તેમ કુમુદ(કૈરવ)નું વન પણ વિકસે છે.

---

પાસે એવા પ્રકારની દવાઓ છે કે, આપનો રોગ જડમૂળમાંથી નાશ પામે. ત્યારે સનત્કુમાર કહે છે કે-વૈદ્યરાજ ! એવી દવા તો મારા થૂંકમાં પણ છે. કાયાના રોગની મને નથી પડી. આત્માના રોગની મને બીક છે. આપના પાસે એ ભવરોગ મટાડવાની દવા હોય તો ખુશીથી આપો. વૈદ્યરૂપે આવેલા દેવો આવી વૈરાગ્યમય વાણી સાંભળી આશ્ચર્ય પામ્યા અને મૂળ સ્વરૂપે પ્રગટ થઈ, દર્શન આપીને ચાલ્યા ગયા. સનત્કુમારના રોગો સાતસો વરસે શમ્યા. એક લાખ વરસની દીક્ષા પાળીને દેવલોકમાં ગયા અને ભવિષ્યમાં મુક્તિએ જશે.

વ્હાલા વાચકો ! સાર એટલો જ ગ્રહણ કરવાનો કે, કોઈએ કોઈ પણ પ્રકારનો જ્ઞાનનો, ધનનો, રૂપનો કે કોઈ બીજા પ્રકારનો ગર્વ કરવો નહિં. ગર્વ કરવાથી સાંપડેલી વસ્તુ દુર્ગતિમાં લઈ જાય છે. અમૃતનું વિષ ન બનાવવું હોય તો, નિરભિમાની બનો અને નિરભિમાનવૃત્તિ જાગશે એટલે લઘુતા આદિ ગુણો પ્રગટશે અને જીવનપંથ મુક્તિના પંથ પ્રતિ પ્રયાણ કરશે. ખરેખર જ સાચું કહ્યું છે કે-**લઘુતામેં પ્રભુતા વસે.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વિતીય સ્તવનમાં કહ્યું છે કે-હે પ્રભુ ! તમારી સાથેનો સ્નેહ (રંગ) મજીઠના જેવો અચળ અને અભંગ છે. વિશેષમાં અહીં એવો ઉલ્લેખ છે કે-ભગજનોના મનરૂપ તાંબાનું વેધક સોનું બનાવે ત્યાર બાદ એનું પાછું તાંબુ બનતું નથી.

તૃતીય સ્તવનમાં કહ્યું છે કે-જે વનમાં મોર વિચરે ત્યાં સર્પનો ભય ન હોય, સૂર્ય પ્રકાશે ત્યાં અંધકાર ન રહે, અને સિંહ જ્યાં ક્રીડા કરે ત્યાં હાથી ફરકે નહિ. આ પૈકી પહેલી બાબત કલ્યાણમંદિર સ્તોત્રના* આઠમા પદ્યમાં જોવાય છે. ચતુર્થ સ્તવનમાં ભક્તિને દૂતિકા કહી છે અને અનુભવને મિત્ર કહ્યો છે.

પાંચમા સ્તવનમાં કહ્યું છે કે-જેમ સૂર્ય અને કમળ એક બીજાથી ઘણા દૂર હોવા છતાં કમળ વિકસે છે અને ચકોર અમૃત પીવા ગગનમાં રહેલા ચન્દ્ર સામે ધસે છે તેમ પ્રભુ દૂર હોવા છતાં મારું મન એમની સાથે મળ્યું છે.

છઠ્ઠા સ્તવનમાં સમ્યક્ત્વને સુખડી કહી છે.

સાતમા સ્તવનમાં કહ્યું છે કે-હે પ્રભુ ! તારા ગુણોના ધ્યાનરૂપ નિમિત્તથી તપ, જપ અને ક્રિયા ફળે છે.

આઠમું સ્તવન ઉત્કટ પ્રીતિનાં નીચે મુજબનાં ઉદાહરણો પૂરાં પાડે છે:-

| | | | | | |
|---|---|---|---|---|---|
| મધુકર(ભ્રમર) | માલતી | ચાતક | મેઘ | સીતા | રામ |
| કુમુદિની | ચન્દ્ર | મુસાફર | ઘર | ધર્મી | સંવર |
| હાથી | નર્મદા નદી | હંસ | માનસરોવર | વેપારી | પૈસો |
| કમળા | ગોવિંદ | ઇન્દ્ર | નંદનવન | | |

આમાંનાં ઘણાંખરાં ઉદાહરણો નવનિધાન નવ સ્તવનો તરીકે ઓળખાવાતા સ્તવનો પૈકી સુપાર્શ્વનાથના સ્તવનમાં આ જ કર્તાએ—યશોવિજય ગણિએ આપ્યાં છે.

નવમા સ્તવનમાં મુખ-મટકે, લોચન-લટકે, ચારિત્ર-ચટકે અને અટકે એવા પ્રયોગ દ્વારા શબ્દની રમઝટ જમાવાઈ છે. યશોવિજયકૃત કેટલાં ય સ્તવનો અંતર્યમકથી વિભૂષિત છે. એ એમનું શબ્દ ઉપરનું પ્રભુત્વ સૂચવે છે.

દસમા સ્તવનની નિમ્નલિખિત પંક્તિ નોંધપાત્ર જણાય છે:—

"અતિ ઘણું રાતી હો કે અગ્નિ મજીઠ સહે,
ઘણશું હણીયે હો કે દેશ વિયોગ લહે."

અગિયારમા સ્તવનમાં દેવોને સ્વપ્ન રહિત કહ્યા છે. બારમા સ્તવનમાં કહ્યું છે કે-હે પ્રભુ! તારી પાસે કેવલજ્ઞાનરૂપ શુભ અનંત ખજાનો છે તો તેમાંથી અંશ અપાતાં શી ખોટ જવાની છે? આના સમર્થનાર્થે રત્નથી ભરપૂર સમુદ્ર-રત્નાકરનું, કમળના વનનું, આંબાની લુંબનું અને ચન્દ્રના કિરણનું ઉદાહરણ અપાયેલ છે. રત્નાકરમાંથી એક રત્ન અપાય તો તેને શી ખોટ આવવાની છે? પરિમલના અર્થી ભ્રમરને કમળ-વન પરિમલ આપે તો તેથી એમાં શી ન્યૂનતા આવશે ? એવા રીતે કોયલ અને આંબાની લુંબનો અને ચન્દ્રનાં કિરણ અને અમૃતના બિન્દુનો ઉલ્લેખ કરાયો છે. તેરમા સ્તવનમાં કહ્યું છે કે અંતરંગ ગુણગોઠડી તે 'નિશ્ચય-સમ્યક્ત્વ' છે. ચૌદમા સ્તવનમાં નિમ્ન લિખિત પંક્તિ મહત્વની જણાય છે:-

**"આસંગો મોટાતણો, કુંજર ગ્રહેવો કાન લાલરે."**

પંદરમા સ્તવનમાં તનની, મનની, જીભની અને સમયની ધન્યતા શેમાં રહેલી છે તે દર્શાવાયું છે.

સોળમા સ્તવનમાં સુરતરુ અને સુરમણિનો ઉલ્લેખ છે. વિશેષમાં આ સ્તવનમાં 'પંડૂર' શબ્દ વપરાયો છે.

સત્તરમા સ્તવનમાં કહ્યું છે કે-શાહી વિના તારા ગુણે કરી જે પ્રેમના અક્ષર લખાયા તેને ભક્તિરૂપ જળથી જેમ જેમ ધોઇએ તેમ તેમ તે ઊઘડે છે.

અઢારમા સ્તવનમાં મુક્તિને લાખેણી લાડી કહી છે અને ચારિત્રનો એના પિતા તરીકે નિર્દેશ છે અને એ મુક્તિ મહાભદ્ર તીર્થંકરને સદાય વશ છે.

ઓગણીસમા સ્તવનમાં કહ્યું છે કે-હે પ્રભુ! તારી કેડથી સિંહ હારી જતાં વનમાં ગયો, તારા વદનથી

* "हृद्वर्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति
जन्तोः क्षणेन निविडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजङ्गमया इव मध्यभाग-
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य ॥८॥"

For Private And Personal Use Only

# મોહના નશામાં

લેખક-શ્રી દુર્લભદાસ ત્રિભુવનદાસ

એક સુંદર સરોવર હતું. તેનું નિર્મળ જળ સૂર્યના કિરણોથી પ્રકાશી રહેતું. એ સરોવરમાં કુમુદ ખીલી ઊઠતાં. આસપાસનું વાતાવરણ સુરભિમય બની જતું. સર્વત્ર કુમુદની સૌરભ પ્રસરતી. કુમુદ જાણે કે ન કહેતું હોય કે, 'ભાઇ, સૌરભ પ્રસરાવી-ને જિંદગી સાર્થક કરી લેને...'

કુમુદો ખીલી ઊઠ્યા હતાં. સર્વત્ર સૌરભ પ્રસરી રહી હતી એવામાં એક ભ્રમર ગુંજારવ કરતો એક પુષ્પ પર આવીને બેઠો અને મધુપાન કરવા લાગ્યો.

સમય ધીરે ધીરે પસાર થવા લાગ્યો. સૂર્ય અસ્તાચળમાં જવા માટે તૈયારી કરી રહ્યો હતો—દુનિયા પરથી પોતાની બાજી હવે સંકેલી લેતો હતો.

ભ્રમર મધુપાન કરવામાં એટલો તલ્લીન—એટલો આસક્ત બની ગયો હતો કે એક બાજુ સૂર્ય અને બીજી બાજુ કુમુદ પોતાની લીલા સંકેલી લે છે તેની પણ તેને ખબર રહી નહીં.

સૂર્યદેવે પોતાની સકળ લીલા સમેટી લીધી હતી.

સૂર્યના કિરણ વિના—વિરહ વેદનાને લીધે કુમુદ પણ બિડાઇ ગયું.

ભ્રમર અંદર પૂરાઇ ગયો હતો!

ભ્રમરને કંઇપણ ખબર ન હતી. બસ! તે તો ફક્ત મધુપાન કરવામાં મસ્ત હતો.

કોઇ પણ કાર્યમાં નિમગ્ન થનારને પોતાની આસપાસ શું થઇ રહ્યું છે, પોતે કઇ સ્થિતિમાં છે તેની કંઇ પણ ખબર હોતી નથી. અને......

કોઇ પણ તલ્લીનતા—એકતાનતા—એકરૂપતા-કેળવ્યા સિવાય કાર્યસિદ્ધિ થતી નથી. કાર્યસિદ્ધિ માટે એટલા તપની—આત્મદમનની—આવશ્યકતા રહેલી જ છે. "તપ વિના સિદ્ધિ સંભવે નહિ" એ સૂત્ર આપણને આજ આદર્શની યાદ આપે છે ને!

ભ્રમરને ખબર પડી કે—'આહ! આ તો રાત્રિ! કાજળઘેરી રાત!'

હવે...હવે શું?

"અરે! રાત્રિ તો હમણાં ક્યાંય વહી જશે. પ્રભાતનું સૌમ્ય તેજ પૃથ્વીપટ પર રેલાઇ જશે. રવિના કિરણો કુમુદને વિકસાવશે...કુમુદ ખીલી ઊઠશે...હું બહાર નીકળીશ..."

પણ...પણ...

એવામાં ગજસમૂહ એ સરોવરમાં આવ્યો અને ...એક હાથીએ...એ (કમળ) કુમુદને ક્ષણવારમાં તો

---

ચન્દ્ર હાર્યો અને હજીએ એનું વાન વળતું નથી. તારાં નેત્ર જોઇ શરમાઇ ગયેલાં કમળ જળમાં રહે છે. તારી લલિત બાંહી(ભુજા)થી શેષ નાગ જીતાતાં એ પાતાળમાં ગયો છે અને તારા તેજવડે સૂર્ય પરાજિત થવાથી એ આકાશમાં ફરતો રહે છે.

આવી જાતનું વર્ણન પ્રેમાનંદે વિ. સં. ૧૭૭૬માં—યશોવિજય ગણિના સ્વર્ગવાસ બાદ ત્રીસેક વર્ષે રચેલા **નળાખ્યાન**માં જોવાય છે.

વીસમા સ્તવનમાં પ્રભુના ગુણોના સમૂહને ગંગાજળ કહ્યો છે. આ સ્તવનમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

**"જે સંસર્ગ અભેદા રોપે, સમાપત્તિ મુનિ માને"**

**નામોલ્લેખ**:—પ્રસ્તુત વીસીમાં કર્તાએ પોતાને માટે નયવિજયના સુશિષ્ય, નયવિજયના શિષ્ય, વાચક જશ, જસ અને જશ એમ વિવિધ રીતે ઉલ્લેખ કર્યો છે, ઘણીવાર "વાચક જશ" એમ કહ્યું છે એઓ 'વાચક' વિ. સં. ૧૭૧૮માં બન્યા એટલે એ હિસાબે પ્રસ્તુત વીસી વિ. સં. ૧૭૧૮ કે તે પછીની કૃતિ ગણાય.

**સંતુલન**:—ખિમાવિજયના શિષ્ય જિનવિજયે, તેમજ દેવચન્દ્રે પણ એકેક **વિહરમાન-જિન-વીસી** રચી છે. એ પ્રસ્તુત વીસી સાથે સરખાવી વિગતો નોંધી શકાય પણ આ લેખ તો વિહંગાવલોકનરૂપ હોવાથી એ વાત હું જતી કરું છું.

# કામવાસનાનો કરુણ અંજામ

લેખક : પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

અનાદિકાળથી પ્રવાહરૂપે વહેતા આવતા આ સંસારમાં આત્માને પરિભ્રમણનું કારણ કામવાસના છે. અજ્ઞાન અને પ્રમાદના દોષે મનુષ્યપણાથી તદ્દન વિલક્ષણ એકેન્દ્રિય વિગેરે જાતિમાં અરહટની ઘટમાળાની માફક ફરી ફરી જીવ જન્મ્યા કરે છે. એકેન્દ્રિયાદિની કાયસ્થિતિ લાંબી છે માટે મનુષ્યભવ દુર્લભ છે.

અનાદિકાલીન કામવાસનાઓ માનવીને સતાવે છે અને દંડાવે છે. તેમ કરી તેની શકિત ક્ષીણ કરી જીવનનું સત્ત્વ ચૂસી લે છે ઇંદ્રિયોની પરવશતાના કારણે ભાનભૂલો બનેલ આત્મા અસત્ય, અપૂર્ણ અને ક્ષણિક સુખ માટે તરફડિયાં મારે છે.

તરફડિયાં મારવાની કારમી સ્થિતિમાંથી બચવા માટે કામવાસનાની ભયંકરતા તેના સાચા સ્વરૂપે સમજવી પડે અને હૈયાને જચાવવી પડે. તેમ થતાં ઇંદ્રિયો સાથે રણાંગણમાં ઉતરી યુદ્ધની નોબતો ગગડાવી, યુદ્ધના જોખમો અને ભયોનો વિવેકપૂર્વક પ્રતિકાર કરે. વિજયની તીવ્ર ઉત્કંઠાથી માનવી અણનમ યોધ્ધો બને અને કાર્યસિદ્ધિ પર્યંત અવિરત યુદ્ધ ચાલુ જ રાખે.

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा, अकामा जन्ति दोग्गइं ॥

કામભોગ–કામવાસના શલ્યરૂપ છે, વિષરૂપ છે અને સર્પ તુલ્ય છે. આ કામભોગોને નહિ સેવન કરનાર પણ એની ઇચ્છામાત્રથી પણ દુર્ગતિએ જાય છે.

આ કામભોગો શલ્ય સમાન છે. જેમ દેહના કોઇ અંગમાં પ્રવેશ પામેલ શલ્ય–બાણની આગળનો તીક્ષ્ણ અંશ માંસની સાથે મળી સારા શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરે છે, તેમ ભોગાસક્ત ચિત્ત પણ પુરુષને રાતદિવસ શલ્યની માફક પીડિત કરે છે. આ કામભોગો વિષ સમાન છે. જેમ મધુમિશ્રિત વિષ ખાવામાં મધુર અને પરિણામે અતિ દારૂણ દુ:ખ આપે છે તેમ કામભોગો પણ આદિમાં અત્યંત પ્રિય લાગે છે, પણ પરિણામે તો વિષથી પણ અધિક ભયંકર છે. એ જ રીતે કામભોગો દૃષ્ટિવિષ સર્પની સમાન અત્યંત ભયંકર છે. જેમ દૃષ્ટિવિષ સર્પ ઉંડીને નાચતો હોય તો પ્રિય લાગે છે. પણ સ્પર્શ થતાં પ્રાણને હરી લે છે, તેમ કામભોગો દેખાવમાં તો અતિ રમણીય લાગે છે, પરંતુ તેનો અલ્પસ્પર્શ પણ (મનોરથ કે સ્મરણ માત્ર પણ) આત્માને મહાન્ અનર્થ કરે છે.

---

ઉખેડી પણ નાંખ્યું. ભ્રમરની મનની મનમાં જ રહી ગઇ!

સંસ્કૃત સુભાષિત પણ કહે છે :—

रात्रिर्गमिष्यति, भविष्यति सुप्रभातम्,
भास्वानुदेष्यति, हसिष्यति पङ्कजश्री: ।
इत्थं विचारयति, कोशगते द्विरेफे,
हा, हा, हन्त, नलिनीम् गज उज्जहार ॥

લાકડામાં પણ છિદ્ર બનાવનાર એ શકિતશાળી ભ્રમર કુમુદની કોમળ પાંખડીઓમાં કેમ બંધાઇ રહ્યો?

કેવળ મોહવશ બનીને જ. મધુરસની લાલસાને કારણે જ–વાસનાને કારણે જ–એક જાતના સ્નેહને કારણે જ તે તેમાં પૂરાઇ ગયો.

પતંગીયું દિવાની જ્યોતમાં આ કારણે જ કૂદી પડે છે ને!

આર્દ્રકુમારને સુતરના બાર તાંતણાને લીધે જ બાર વર્ષનો સંસાર સહેવો પડે છે. તે શા માટે? કેવળ સ્નેહને લીધે જ ને!

આપણી સ્થિતિ જ પણ આવી જ છે ને? આપણે પણ ભ્રમર બનીને જ રહીએ છીએ. આપણામાં અખૂટ આત્મબળ છે પણ સ્નેહના તંતુઓ આપણને પાંગળા બનાવી દે છે. વિકસિત કુમુદના રસપાન જેવા દુન્યવી સુખોનો આપણે ઉપભોગ કરીએ છીએ. અને...પરિણામે...

મોહના નશામાં ચકચૂર આપણે કાળના ઝપાટાથી ક્યાંયના ક્યાંય ફંગોળાઇ જઇએ છીએ.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુકોમળ સ્પર્શથી આત્માને ભાનભૂલો બનાવતી **સ્પર્શના**, મધુરરસના આસ્વાદમાં લહેજત પમાડી પાગલ બનાવતી **રસના**, સુગંધની પાછળ ભ્રમરની જેમ ભમાડતી નાસિકા, રૂપ-લાવણ્ય-સૌંદર્ય પાછળ ભટકેલ બનાવતા **નયન**, કોમળ મધુરા ગાનમાં મુગ્ધ બનાવતાં **કાન** શીઘ્ર આત્માની દુર્ગતિ નોતર્યા વગર કેમ રહે? ઇન્દ્રિયો બધા જ બળથી આત્માને ઊંડી ખાઇમાં પટકે છે, જેમાં પારાવાર દુઃખ છે, તીવ્ર ત્રાસ, સંતાપ અને ભયંકર પાપબંધ છે, જે દીર્ઘકાલ સુધી પ્રાણીને રીબાવે છે.

ઇંદ્રિયોની ગુલામીનું પરિણામ ગંભીર આવે છે. ક્ષણિક સુખ આપતી ઇંદ્રિયો આત્માને પાતકમાં પટકે છે, અને તીવ્ર વેદનાનો અનુભવ કરાવે છે. વેદના પણ પુષ્કળ કે એક પણ ક્ષણ કોટિવર્ષ જેટલી લાંબી અને અસહ્ય લાગે.

કાદવમાં ફસાએલો હાથી તેમાંથી નીકળવાનો પ્રયત્ન તો ઘણો કરે છે અને ઇચ્છે છે કે કાચડમાંથી નીકળી સ્થળપ્રદેશમાં ચાલ્યો જઉં, પણ તે નીકળી શકતો નથી. તેમ કામભોગમાં આસકત પુરુષ પણ તેમાંથી નીકળવાની કોશિશ કરવા છતાં પણ સફળ-મનોરથ થતો નથી.

વિષયથી વિરકત અને શીલગુણમાં અનુરકત આત્માને જે અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે, તે આબાલપ્રિય અને પરિણામે દુઃખદાયી કામભોગોમાં કદાપિ ઉપલબ્ધ થતી નથી. કામભોગાદિ વિષય આરંભમાં જ કંઇ સુખ અર્પે છે અને તે પણ અજ્ઞાની જીવોને કે જે પરમાર્થથી અનભિજ્ઞ છે, અવિવેકી છે, તેમને જ આ કામભોગાદિ પ્રિય લાગે છે અને વાસ્તવમાં તો તે સમસ્ત દુઃખનું મૂળ છે એમાં સુખનો લેશ પણ નથી, માટે જ સંયમશીલ તપસ્વીઓને આત્મરમણતામાં જે અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે, તે આનંદના એક કણનો પણ હજારમો ભાગ પણ આ કામભોગોમાં ઉપલબ્ધ નથી થતો

પ્રત્યક્ષ છે કે વિષયી પુરુષોને વિષયવાસનાથી કોઇ સમય પણ શાંતિ નથી મળતી, વિપરીત તેનાથી જેઓ અશાંત અને સંતપ્ત રહે છે, માટે સંયમીના આધ્યાત્મિક આનંદની સાથે આ વિષયજન્ય અતિક્ષુદ્ર સુખની કોઇ અંશમાં પણ તુલના થઇ શકતી નથી.

विषयेष्वतिदुःखेषु, सुखमानी मनागपि ।
नाहो ! विरज्यते जन्तो,ऽशुचिकीट इवाशुचौ ॥

વિષ્ટાનો કીડો વિષ્ટામાં જ સુખ માનતો જરા પણ કંટાળતો નથી, તેમ જ અત્યંત દુઃખદાયી વિષયોમાં સુખ માની, આશ્ચર્ય છે કે માનવ લેશ પણ વિરાગી થતો નથી,

दुरन्तविषयास्वाद,-पराधीनमना जनः ।
अन्धोऽन्धुमिव पदाग्र,-स्थितं मृत्युं न पश्यति ॥

અંધ પુરુષ પગની આગળ જ રહેલ કૂવાને દેખતો નથી, તેમ પરિણામે દુષ્ટ વિષયોના સ્વાદમાં મનવાળો પોતાના પગ આગળ રહેલ મૃત્યુને જોતો નથી.

વિષયોની કલ્પિત ક્ષણિક મધુરતામાં મુગ્ધ બનીને વિકટ ભયસ્થાનોમાં મૂકાવાનું ભયંકર જોખમ શાણો આત્મા ન વહોરે. આ સમજવામાં નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક બનશે.

સર્વ સમૃદ્ધિના ભંડાર સમ કામરૂપ દેશમાં અમરાવતી જેવા મદનપુર નામના નગરમાં ગુણનિધાન પ્રજાવત્સલ પ્રદ્યુમ્ન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રતિ નામે રાણી હતી. તે બંને વિષય-સુખથી કાળ નિર્ગમન કરતાં હતા. એકદા રાજા અશ્વક્રીડા કરવા બહાર ગએલ. રાજમહેલમાં રાણી એકલી હતી. વિચિત્ર ગોખમાં ઊભી હતી. દિશાવલોકન કરતાં રાજમાર્ગે રહેલ અને દેવમંદિર તરફ જતાં સાર્થવાહ પુત્ર શુભંકરને જોયો. તેને જોઈ અવિવેકના સામર્થ્યથી અને વિષયોના અભ્યાસથી રાણીને તેની ઉપર અભિલાષ થયો. કટાક્ષથી જોયું. રાણી પણ તેના જોવામાં આવી. મોહથી જોઇ. તેને તેણીમાં રાગ થયો. 'અહો! ચિત્તજ્ઞ' એમ વિચારી રાણી ખુશ થઈ. તે મોહથી એક સ્થાને ઊભો. કારણ મદનવિકાર દુર્વાર છે. 'સખિ! યુવતિજનના મનને સુખ આપનાર આ યુવાનને લાવ.' એમ કહી રાણીએ પોતાની વિશ્વાસુ દાસી મોકલી. તે મધુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મનોરમ વાણીથી સમજાવી શુભંકરને લઈને આવી. રાણીવાસમાં તેને મોકલ્યો. રાણીએ સન્માનથી પલંગ ઉપર બેસાડી પ્રેમથી તેને તાંબૂલ આપ્યું. તેણે ગ્રહણ કર્યું. તેવામાં ભાટચારણનો કોલાહલ સાંભળવામાં આવ્યો. તે ઉપરથી રાજા અશ્વક્રીડા કરી પાછા પધાર્યા એમ જાણીને રાણીને ભય ઉત્પન્ન થયો કે હવે શું કરવું ? બીજો ઉપાય નહિ હોવાથી સંડાસમાં તેને મોકલી દીધો. રાજા આવી પલંગ ઉપર બેઠો. તરત તેમને ઝાડે ફરવા જવાની ઇચ્છા થઈ. એટલે કહ્યું કે હજામને બોલાવો. ઝાડે ફરવા જવું છે. હજામને બોલાવ્યો. શુભંકરે આ સાંભળ્યું. "ચોક્કસ મરવાનું થશે" એવા અત્યંત ભયથી જીવવાની આશાથી ઊંડા સંડાસના કૂવામાં કે જેમાં કાયમ અંધકાર, અત્યંત ખરાબ ગંધ અને કીડાઓનું સ્થાન હતું તેમાં પોતે પડ્યો, સંડાસમાંથી કૂવાના કાંઠા ઉપર પડ્યો. ગંદકીથી ભરાઈ ગયો. કીડાથી વીંધાવા માંડ્યો. આંખનો દેખાવ બંધ–સંકુચિત થઈ ગયો. શરીર અકડાઈ ગયું. અનેક વેદનાઓ થવા લાગી, ઘણો અકળાયો, બેભાન પણ થયો.

બીજી બાજુ અંગરક્ષકોએ તપાસેલા સંડાસમા રાજા ગયો. કામ પતાવી બહાર નીકળી રાણી સાથે વિનોદ કરવા લાગ્યો. દિવસ પૂરો થતા રાજા સભામંડપમાં ગયો. પછી રાણીએ શુભંકરની તપાસ કરી. ન દેખાયો. દાસીને પૂછ્યું 'શું થયું હશે?' તેણે કહ્યું: ભયથી કૂવામાં પડી મરી ગયો હશે. રાણીએ કહ્યું એમ જ થયું હશે. નહિ તો દેખાય કેમ નહિ? તેની ચિંતા ચાલી ગઈ.

આ તરફ શુભંકર તે કૂવામાં ભવિતવ્યતાથી દુ:ખી થતો વિચિત્ર કર્મવશવર્તી બની, અશુચિ ખાઈને પોતાની રક્ષા કરતો, કેટલાક દિવસો બાદ એ ખાળકૂવો સાફ કરવા ખોલતા અશુચિના જવાના માર્ગથી બહાર નીકળી ગયો. તેના દેહની કાંતિ નષ્ટ થઈ હતી, નખ અને વાળ નષ્ટ થઈ ગયા હતા. તેને રાત્રિના સમયે જ અશુચિના જવાના માર્ગથી બહાર નીકળવાનું થયું હતું. તે ઘણા પ્રયત્નથી સાફ થઈ મહામુશીબતે પોતાને ઘેર ગયો. તેને એવા કદરૂપે આવેલો જોઈ, આ કોણ ભૂત હશે એમ માની તેનો પરિજન ભય પામી ગયો. તેણે કહ્યું: ભય ન રાખો, હું શુભંકર છું. તેના પિતાએ કહ્યું: 'પુત્ર! તેં શું કર્યું કે આવો થઈ ગયો ?', પિતાના પૂછવાથી તેણે એકાંતે રતિરાણીને ત્યાંના પ્રવેશથી માંડીને નીકળવા સુધીની બધી વાત કરી. "અહો અકાર્યના સેવનના સંકલ્પનું ફળ! વિષય–વિલાસના સંકલ્પનો અંજામ ?" એમ સાંભળી વિચારી તેના પિતાને સંવેગ થઈ આવ્યો. પછી તેને પવન વગરના સ્થાને રાખી સહસ્રપાકાદિ તેલનો માલીશ કરાવી, થોડા વખતમાં મૂળ સ્થિતિમાં આવી ગયો. ઉચિત સમયે દેવદર્શન કરવા જતાં રાજમાર્ગે આવતા તે રતિરાણીએ જોયો. વિશ્વાસુ દાસી મોકલી બોલાવ્યો. મોહના કારણે શુભંકર ગયો અને તેવામાં પ્રથમની જેમ જ રાજા આવી ચડ્યો. તેથી તેને પૂર્વની જેમ જ સંડાસમાં સંતાવાનું, બાજરૂના કૂવામાં પડવાનું અને કેટલાક દિવસે એ ખાળકૂવો સાફ કરવા ખોલતા અશુચિ જવાના માર્ગથી બહાર નીકળવાનું થયું. પૂર્વની જેમ ઉપાય કરતાં સારો થયો. ફરી રાણીના જોવામાં આવ્યો. ફરી પણ ગયો. આમ ઘણીવાર બન્યું. કારમી ભયંકર યાતનાઓથી આ ભવમાં પણ વિલાસ ન ભોગવી શકવા છતાં વિલાસના મનોરથ માત્રથી પણ હેરાનપરેશાન થયો, અને ભવિષ્યને માટે પણ ભયંકર દુર્ગતિની પરંપરા પોતાનો માટે નોતરી.

વિષયવાસનાની ઉત્કટતા અને તેનું ભયંકર પરિણામ સમજી સૌ કોઈ પોતાના આત્માને પવિત્ર બનાવે એ જ એક મંગલકામના.

બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે

**સંસ્કારનું વાવેતર**

અવશ્ય મંગાવો

મૂલ્ય : ચાર આના

લખો :–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની–તૃષા

ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા M. B. B. S.

**તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન**
**'સામાન્યે કરી દરિશણ દોહલું'**

હવે હે ભગવાન્! 'તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન' એ બીજા અર્થમાં તમારા દર્શનની દુર્લભતા વિચારું છું, તો પણ તેવો જ ભાવ સ્ફુરે છે. તત્ત્વભૂત અર્થનું–ભૂતાર્થનું અથવા તત્ત્વથી–તત્પણાથી–તદ્ભાવથી વસ્તુગતે વસ્તુસ્વરૂપથી પદાર્થનું શ્રદ્ધાન–દર્શન સામાન્યે કરી પણ દુર્લભ છે, તો પછી તેનો વિશેષે કરીને સકલ સાંગોપાંગ સંપૂર્ણ નિર્ણય તો અતિઅતિ દુર્લભ હોય એમાં પૂછવું જ શું? કારણ કે મદમાં ઘેરાયેલો આંધળો 'આ સૂર્ય છે ને આ ચંદ્ર છે' એવો વિલેખ–વિશેષ ભેદદર્શન કેમ કરી શકે? 'મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિ શશિ રૂપ વિલેખ?' એ કવિની માર્મિક અન્યોક્તિ પરથી સ્પષ્ટ ધ્વનિત થાય છે કે–મોહમયી મદિરા પીને આ જગત્ ઉન્મત્ત બન્યું છે, ગાંડાની ઇસ્પિતાલ જેવું બન્યું છે, 'पीत्वा मोहमयींमिमां च मदिरामुन्मत्तीभूतं जगत्,' તેમાં જ્ઞાન–ભાનુના પ્રકાશ કિરણના વિરહે મિથ્યાદૃષ્ટિ–અંધકારથી અંધ બનેલા જનોને તત્ત્વસ્વરૂપનું ભાન પણ ક્યાંથી પ્રગટે? તો પછી સામાન્ય પણ દર્શન–શ્રદ્ધાન તો ક્યાંથી હોય? અને 'સામાન્યે કરી દરિશણ દોહલું' હોય તો 'નિરણય સકલ વિશેષ' પણ ક્યાંથી જ હોય?

**જિજ્ઞાસા–શુશ્રૂષા–શ્રુતિ–શ્રદ્ધાનું ઉત્તરોત્તર દુર્લભપણું**

અરે! તત્ત્વનું સમ્યગ્દર્શન–શ્રદ્ધાન થવાની વાત તો દૂર રહો! પણ તત્ત્વ જાણવાની સાચી ખરેખરી અંતરંગ **જિજ્ઞાસા** પણ પ્રાપ્ત થવી દુર્લભ છે. જો કે લોકદૃષ્ટિની× કહેવાતી જિજ્ઞાસા તો ઘણે સ્થળે દૃષ્ટિગોચર થાય છે, પણ અલૌકિક દૃષ્ટિની સાચી તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વસ્વરૂપ જાણવાની ઉત્કંઠા, ઇંતેજારી, તમન્ના, તાલાવેલી દૃષ્ટિગોચર થવી સુલભ નથી. ચાતક જેમ મેઘની ઉત્કંઠા ધરાવે, તૃષાતુર જેમ પાણી માટે ચોતરફ ઝાંવાં નાંખે, તેમ તત્ત્વ જાણવાની તરસ લાગવી, ઉત્કંઠા જાગવી, તાલાવેલી ઉપજવી ખરેખર! અતિ દુર્લભ છે.

**તત્ત્વજિજ્ઞાસા પણ દુર્લભ**

મરુભૂમિમાં ઉન્હાળાના સમયમાં ચાલ્યો જતો વટેમાર્ગુ જેવો તરસ્યો થઈને પાણીને ઝંખે, 'પાણી પાણી' કરે, તેવો તરસ્યો આ જીવ તત્ત્વદર્શન પામવા માટે થાય એ દૃશ્ય ખરેખર! વિરલ જ છે. અને આવી તીવ્ર તત્ત્વપિપાસા જ્યારે ઉપજે છે, તત્ત્વદર્શનની સાચી તરસ લાગે છે, ત્યારે જ તે બૂઝવવાની–છીપવવાની રીત પણ તેને મળી આવે છે, અને ત્યારે જ તે તત્ત્વ પામવાનો યોગ્ય અધિકારી બને છે; તેવી તરસ ન લાગી હોય, તો તે તરસ બૂઝવવાને ઇચ્છે પણ કેમ? ને તે બૂઝવવાની રીત પણ કેમ મળે?

હું છું કોણ? સ્વરૂપ મુજ શું?
જાણવા તત્ત્વ ઝંખે,
ઉત્કંઠાથી તરસ છુઝવા ચાતકો જેમ કંખે.

—યોગદૃષ્ટિ કળશ કાવ્ય (ડૉ. ભગવાનદાસકૃત)

**શુશ્રૂષાની દુર્લભતા**

જિજ્ઞાસા પ્રાપ્ત થઈ તો **શુશ્રૂષા**–શ્રવણેચ્છા પ્રાપ્ત થવી દુર્લભ છે. હું કોણ છું? મ્હારું ખરું સ્વરૂપ શું છે? આ બીજું બધુંય શું છે? તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે? તેની સાથે મ્હારે શો સંબંધ છે? વસ્તુ તત્ત્વ શું છે? આ જગત્ શું છે? તેનું ચિત્રવિચિત્રપણું કેમ છે? કર્મ શું છે? ધર્મ શું છે? ધર્મનું પારમાર્થિક સ્વરૂપ શું છે? બંધ શું છે? બંધનું નિદાન શું છે? મોક્ષ શું છે? મોક્ષનો ઉપાય શું છે? ઇત્યાદિ તત્ત્વ સંબંધી અનેક પ્રશ્નોના ખુલાસા કરતી તત્ત્વવાર્તા સાંભળવાની તીવ્ર અંતરેચ્છા પ્રગટવી અત્યંત દુર્લભ છે. (ચાલુ)

× ખુલાસા માટે જુઓ લલિતવિસ્તરા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] ઉપયોગી

## વાંચન-મનન કરવા યોગ્ય સુંદર પુસ્તકો

| | |
|---|---|
| પ્રિયંકર ચરિત્ર (કથા) | ૦-૮-૦ |
| બાર ભાવનાની સજ્ઝાય | ૦-૪-૦ |
| યુગાદિ દેશના ભાષાંતર | ૦-૮-૦ |
| સુમિત્ર ચરિત્ર (કથા) | ૦-૪-૦ |
| શ્રી આદિનાથ ચરિત્ર | ૧-૮-૦ |
| આત્મદર્શન | ૦-૮-૦ |
| આત્માનો આદર્શ | ૦-૮-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૮-૦ |
| કલિંગનું યુદ્ધ | ૦-૧૨-૦ |
| કચ્છ ગિરનાર યાત્રા | ૧-૮-૦ |
| જૈનોના મહાન રત્નો | ૧-૪-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| જૈન તત્ત્વસાર | ૦-૬-૦ |
| જૈન તત્ત્વપરીક્ષા | ૦-૮-૦ |
| નવસ્મરણ | ૦-૨-૦ |
| નવકાર મહામંત્ર | ૦-૪-૦ |
| પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો | ૦-૬-૦ |
| સૂક્ત મુક્તાવલિ | ૦-૧-૦ |
| સિંદૂર પ્રકરણ | ૦-૪-૦ |
| સંવેગમાળા | ૦-૪-૦ |
| ચિદાનંદજી સંગ્રહ ભા. ૨ જો | ૦-૪-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ |
| વીશ સ્થાનક તપવિધિ | ૨-૮-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| હિતશિક્ષા રાસનું રહસ્ય | ૨-૦-૦ |
| અધ્યાત્મકલ્પદ્રુમ | ૬-૪-૦ |
| જૈન દૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| પ્રભાવિક પુરુષો ભા. ૩ | ૩-૮-૦ |
| યુરોપના સંસ્મરણો | ૧-૮-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| શત્રુંજય તીર્થનો ઉદ્ધાર | ૦-૮-૦ |
| શ્રી હેમચંદ્રાચાર્ય | ૦-૧૨-૦ |
| નયપ્રદીપ | ૧-૦-૦ |
| દાન ધર્મ, પંચાચાર | ૧-૧-૦ |
| જ્ઞાનસાર | ૨-૦-૦ |
| તાત્ત્વિક લેખ સંગ્રહ | ૨-૦-૦ |
| શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અધ્ય. ૧૫ | ૧૦-૦-૦ |
| બાલેન્દુકાવ્યકૌમુદી | ૨-૦-૦ |
| માનવજીવનનું પાથેય | ૦-૮-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય જિન-માર્ગદર્શન | ૧-૮-૦ |

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

## બાર વ્રતની પૂજા—અર્થ સહિત

**[ તેમજ સ્નાત્રપૂજા ]**

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. **મૂલ્ય માત્ર પાંચ આના**

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

For Private And Personal Use Only

Reg. No. G. 15

[illegible] [ [illegible] ] [illegible]

## શ્રી આનંદઘનજીનાં પદો

[ ભાવાર્થ અને વિસ્તૃત વિવેચન સાથે ]

સ્વ. શ્રી મોતીચંદભાઈએ વર્ષો પૂર્વે લખેલ અને આપણી સભાએ છપાવેલ આ અપૂર્વ ગ્રંથ કેટલાય વર્ષોથી મળતો નહોતો તે તાજેતરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વ. મોતીચંદભાઈ ગ્રંથમાળાના ત્રીજા મણકા તરીકે પ્રસિદ્ધ કરેલ છે. આ અપૂર્વ ગ્રંથને માટે કંઈ પણ વિશેષ લખવાની જરૂર નથી.

પચ્ચાસ પદોનું સવિસ્તૃત વિવેચન તેમજ શ્રીમદ્ આનંદઘનજીના જીવન અંગેનું હૃદયંગમ તલસ્પર્શી વિવેચન તથા તત્કાલીન મહાપુરુષોનો પરિચય આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

પાકું હૉલક્લોથ બાઈંડીંગ, ૬૦૦ પૃષ્ઠ, સુંદર છપાઈ છતાં મૂલ્ય માત્ર રૂા. સાડાસાત

લખો:–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

— પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીક છે —

## ચોસઠ પ્રકારી પૂજા––અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે, આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપ આપની નકલ તરત જ મગાવી લેશો.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

નવપદારાધન માટે અતિ ઉપયોગી

## સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

નવે દિવસની ક્રિયા–વિધિ, ખમાસમણાં, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર–પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

મુદ્રક : સાધના મુદ્રણાલય :: દાણાપીઠ–ભાવનગર.